# વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ

પ્રા. મનિષાબેન કે. રીબડીયા
આસિસ્ટન્ટ પ્રોફેસર
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા, સુરત.

**સારાંશ**
પ્રસ્તુત સંશોધન અંતર્ગત વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી શૈક્ષણિક, આર્થિક, સામાજિક, અંગત અને અન્ય સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસના ઉપકરણ તરીકે ૩૦ પ્રશ્નો ધરાવતી ત્રિબિંદુ આધારિત બંધપ્રશ્નાવલી તેમજ ૩ મુક્ત પ્રશ્નો ધરાવતી સ્વરચિત પ્રશ્નાવલી, નમૂના તરીકે વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજમાં કાર્યરત કુલ ૨૫ જેટલી મહિલાઓને હાથવગા નમૂના પસંદગીની રીતે સમાવેશ કરવામાં આવ્યો. સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત ગુણાત્મક માહિતી સંદર્ભે વિષયવસ્તુનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. સંસ્થામાં કાર્ય કરવાની પૂરતી તક મળે છે,વિષયને લગતા સંદર્ભપુસ્તકો પ્રાપ્ત થાય છે, અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો યોગ્ય સમય મળતો નથી, સંસ્થામાં વિષયને લગતા જરૂરી સાધનો ઉપલબ્ધ છે, વેતનથી તેમને સંતોષ નથી, સરકારના ધારાધોરણ મુજબ યોગ્ય વેતન આપવામાં આવતું નથી, નોકરીના કારણે સામાજિક પ્રસંગોમાં હાજરી આપી શકાતી નથી, નોકરી અને સમાજ બંનેમાં કોને પ્રાથમિકતા આપવી તે બાબતે દ્વિધા અનુભવાય છે, નિયમ મુજબ જ મેટરનીટી રજાઓ મળતી નથી, સંસ્થામાં વારંવાર સમય બદલાયા કરે તો તેના કારણે મુશ્કેલી અનુભવાય છે, યુનિફોર્મ સફેદ હોવાથી કયારેક મુશ્કેલી અનુભવાય છે.વગેરે તારણો પ્રાપ્ત થયા હતા.

## ૧.પ્રસ્તાવના
ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન વિભિન્ન યુગમાં બદલાતું રહ્યું છે. ઋગ્વેદમાં ગૌરવવંતુ સ્થાન ભોગવતી સ્ત્રી અનુવૈદિક યુગમાં ધીમે ધીમે અંધકારયુગમાં ધકેલાઇ. સમાજ સુધારકોમાં જાગેલી નારીમુક્તિની ભાવનાએ કેટલાક કાનુનો તથા સામાજિક સંગઠનો દ્વારા સ્ત્રીના સ્થાન સુધારણા માટેના પ્રયત્નો કર્યા. સ્વતંત્ર ભારતમાં ભારતનું રાજય બંધારણ, સામાજિક કાનુનીકરણ, સામાજિક કલ્યાણ, આર્થિકનીતિ, શહેરીકરણ, ઔધોગિકીકરણ, સ્થળાંતર, શિક્ષણ, સ્ત્રીઓ પ્રત્યે બદલાતાં મૂલ્યો વગેરેએ સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આણ્યું. એક બાજુ વિકાસ તો બીજી બાજુ કેટલાક પડકારો પણ ઊભા થયા છે. જેને લીધે સ્ત્રીનાં સ્થાન પર વિપરીત અસર પડી છે.

આજનો આધુનિક યુગ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યુગ છે. પ્રત્યેક ક્ષેત્રે હરણફાળ વર્તાઇ રહી છે. આ ક્રાંતિકારી યુગને સુવર્ણયુગને ઓપ આપવા સ્ત્રી પણ પુરુષ સમોવડી બને તે આવકારદાયક બાબત છે. આથી જ આ યુગમાં સ્ત્રીને સ્વાવલંબન માટે આર્થિક સ્વાવલંબન માટે તે અનુરૂપ રોજગારી મળવાથી તેઓની જવાબદારીમાં પણ વધારો જોવા મળે છે. વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીઓએ પોતાની કારકીર્દી અજમાવી છે તો સાથે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. તેમજ વિવિધ અવરાધો પણ આવતા હોય છે. આવી શાળા-કોલેજમાં કાર્યરત મહિલાઓની વિવિધ સમસ્યાઓનો અત્રે અભ્યાસ કરવામાં આવ્યો છે.

## ૨. શીર્ષક
પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક નીચે દર્શાવેલ છે.
વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ.

## ૩.અભ્યાસના હેતુઓ
૧. વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૨. વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૩. વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૪. વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી અંગત સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૫. વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી અન્ય સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**૪. અભ્યાસનું મહત્ત્વ**

૧. વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોમાં કાર્યરત મહિલાઓને અનુભવાતી શૈક્ષણિક, આર્થિક, સામાજિક, અંગત અને અન્ય સમસ્યાઓ વિશે જાણકારી મળવાની શકયતાઓ છે.
૨. વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજો અને અન્ય શાળા કોલેજોની આડકતરી રીતે તુલના કરી શકાશે એવુ અધ્યેતા સમજે છે.
૩. પ્રસ્તુત અભ્યાસ મહિલાઓની વિવિધ ક્ષેત્રે માર્ગદર્શન અંગે આધારભૂત થઇ શકે એવું છે.
૪. વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજોને ગુણવત્તાયુક્ત બનાવવા માટે પથદર્શક બની શકે છે.

**૫. અભ્યાસનું સીમાંકન**

પ્રસ્તુત અભ્યાસમાં ફકત શૈક્ષણિક, આર્થિક, સામાજિક, અંગત અને અન્ય સમસ્યાઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

**૬. અભ્યાસનું ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસના ઉપકરણ તરીકે ત્રિબિંદુ આધારિત ૩૦ પ્રશ્નો ધરાવતી બંધ પ્રશ્નાવલી તેમજ ૩ મુકત જવાબી સ્વરચિત પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી.

**૭. અભ્યાસનો નમૂનો**

પ્રસ્તુત અભ્યાસના નમૂના તરીકે વિદ્યાભારતી સંચાલિત શાળા કોલેજમાં કાર્યરત કુલ ૨૫ જેટલી મહિલાઓને હાથવગા નમૂના પસંદગીની રીતે સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૮.માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત ગુણાત્મક માહિતી સંદર્ભે વિષયવસ્તુનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**૯. અભ્યાસના તારણો**

**૯.૧ શૈક્ષણિક સમસ્યાઓ સંદર્ભે**

૧. સંસ્થામાં કાર્ય કરવાની પૂરતી તક મળે છે
૨. વિષયને લગતા સંદર્ભપુસ્તકો પ્રાપ્ત થાય છે
૩. વિષયને લગતા સેમીનારોમાં ભાગ લેવાવો સમય મળી રહે છે
૪. કાર્યભાર વધારે રહે છે
૫. અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો યોગ્ય સમય મળતો નથી.
૬. કાર્યમાં અન્ય શિક્ષકોની મદદ મળી રહે છે
૭. નાવિન્યપૂર્ણ કાર્યમાં પ્રધાનાચાર્ય તરફથી પૂરતો સહયોગ મળે છે
૮. સંસ્થામાં વિષયને લગતા જરૂરી સાધનો ઉપલબ્ધ છે.

**૯.૨ આર્થિક સમસ્યાઓ સંદર્ભે**

૧. વેતનથી તેમને સંતોષ નથી.
૨. વેતનથી ઘરની જરૂરિયાત પૂર્ણ થતી નથી.
૩. સરકારના ધારાધોરણ મુજબ યોગ્ય વેતન આપવામાં આવતું નથી.
૪. સંસ્થા તરફથી પી.એફ.ની સુવિધા આપવામાં આવતી નથી.

**૯.૩ સામાજીક સમસ્યાઓ સંદર્ભે**

૧. આ શિક્ષકની નોકરીથી સમાજમા માન મળે છે
૨. નોકરીના કારણે સામાજિક પ્રસંગોમાં હાજરી આપી શકાતી નથી.

૩. અન્યની નોકરી સારી એવું લાગતું નથી.
૪. નોકરી અને સમાજ બંનેમાં કોને પ્રાથમિકતા આપવી તે બાબતે દ્વિધા અનુભવાય છે.

**૯.૪ અંગત સમસ્યાઓ સંદર્ભે**

૧. નિયમ મુજબ જ મેટરનીટી રજાઓ મળતી નથી.
૨. મેટરનીટી રજામાં પગાર કાપવામાં આવે છે.
૩. નોકરીના કારણે પરિવારને યોગ્ય સમય આપી શકાતો નથી.
૪. સંસ્થામાં કયારેક ખૂબ વહેલા કે સાંજે મોડે સુધી કામ કરવાની ફરજ પડે છે
૫. સંસ્થામાં વારંવાર સમય બદલાયા કરે તો તેના કારણે મુશ્કેલી અનુભવાય છે
૬. ઘરમાં અચાનક માંદગી વખતે સંસ્થાનો સહકાર મળી રહે છે.
૭. સંસ્થામાં પુરુષ કર્મચારીઓ સાથે કામ કરવામાં મુશ્કેલી અનુભવાતી નથી.
૮. નોકરી દરમિયાન કયારેય પુરુષ કર્મચારી દ્વારા અસભ્ય વર્તનનો ભોગ બન્યા નથી.
૯. યુનિફોર્મ સફેદ હોવાથી કયારેક મુશ્કેલી અનુભવાય છે.

**સંદર્ભ સૂચિ**

૧. શાહ, ડી. બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય,અમદાવાદ.
૨. શાહ, હર્ષદ પી.(૨૦૦૯) શિક્ષણચેતના. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
૩. શાહ, કે.(૨૦૧૨) સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય,અમદાવાદ.
૪. Geraldine forbes (2004).Women in Mordern India Cambridge university press.
૫.Reserarch Matrix International Multidisciplinary Journal of Applied Research(ISSN:2321-7073),Issue:7,feb. :2014.